**Name of Work :- Construction of various Road in Nadiad taluka Dis. Kheda Under MMGSY (OWR) Yojna year 2025-26 Package No.:- 30**

## <u>ખાસ શરતો</u>

| | |
|---|---|
| (૧) | બાનાની રકમ (ઈ.એમ.ડી.-એફ.ડી.આર) , ટેન્ડર ફી (ડી.ડી.) તથા ટેન્ડરમાં દર્શાવેલ તમામ દસ્તાવેજો ઓનલાઈન તથા બીડ સબમીશન સાથેહાર્ડ કોપીમાં સામેલ રાખેલ નહિ હોય તો તેવા ટેન્ડર/ બીડર ને રદ કરવામાં આવશે. |
| (૨) | બધું જ કામ ટેન્ડરમાં સામેલ જોગવાઈઓ મુજબ અને લગત ઈજનેરશ્રીનીસુચના પ્રમાણે ઈજારદારશ્રીએ કરી આપવાનું હશે. |
| (૩) | લગત પેટા વિભાગીય અધિકારીશ્રીની સુચના મુજબ જ માલ સામાન સપ્લાય કરી કામગીરી કરવાની રહેશે. |
| (૪) | સમય-મર્યાદામાં કામગીરી પુર્ણ નહીં કરવામાં આવે તો, નિયમોનુસાર / ટેન્ડરમાં સામેલ શરતો અને જોગ્વાઈઓ મુજબ પ્રતિદિન લીક્વીડેટ ડેમેજ / પેનલ્ટી વસુલાત કરવામાં આવશે. |
| (૫) | ઈજારદારશ્રી દ્વારા ભરેલાં ભાવો તમામ પરિસ્થિતિ, સ્થળ, ભેજ અને હવામાન વગેરે હેઠળ કામ માટે અમલમાં રહેશે. |
| (૬) | સરકારશ્રીનાં વખતોવખતનાં નિયમો, ઠરાવો, શરતો, જોગવાઈઓ, ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે. |
| (૭) | કોઈપણ એક કે બધા ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય મંજુર કે ના મંજુર કરવાનાં હક કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ નડીયાદ અથવા તેનાથી ઉપરના અધિકારીશ્રીનોઅબાધિત રાખવામાં આવે છે. |
| (૮) | કોઈપણ જાતનાં શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહીં. નિયત સમય મર્યાદા બહાર ઓનલાઈન તમજ ડોક્યુમેન્ટ સબમીશન ધ્યાન માં લેવામાં આવશે નહી તથા આવા ટેન્ડરો રદ ગણાશે. |
| (૯) | કરેલ કામનું ચુકવણું સરકારશ્રીમાંથી નાણાંની પ્રાપ્તિ થયેથી કરવામાં આવશે. ચુકવણાં માટે એજન્સીની કોઈપણ જાતની તકરાર તથા નાણાં વ્યાજ સાથે ચુકવાની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં કે કોઈ વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તેમજ ચુકવણું મોડું થવા બાબતે કોઈ દાવો કરી શકાશે નહીં. |
| (૧૦) | આ કામગીરી માટે ઈજારદારે લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એક્ટ-૧૯૭૦ તથા તે હેઠળ ૧૯૭૨ નાં ગુજરાતનાં નિયમોની જોગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩ તથા તે હેઠળનાં નિયમોની જોગવાઈઓ અનુસાર ઠેકેદારે રોકેલ મજુરોનાં કાયદેસરનાં હિતોનાં રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા/સગવડો ઉપલબ્ધ કરવાનો પ્રાથમિક વૈધાનિક જવાબદારી મજુરો કામે રાખનાર જે તે ઈજારદરશ્રીની રહેશે અને આ કામગીરી દરમ્યાન કામદારોઅને થતાં અકસ્માતથી શારિરીક ઈજા થાય તો તે અંગેની વળતર સહિતની સઘળી જવાબદારી ઈજારદારશ્રી રહેશે. |
| (૧૧) | ટેન્ડર ભરનાર ઈજારદારશ્રી દ્વારા ખોટી માહિતી આપવાનું કે ખોટા પ્રમાણપત્રો, ખોટા સહી-સિક્કાદસ્તાવેજો રજું કર્યાનું ધ્યાને આવશે તો તે ઈજારદારશ્રી ગેરલાયક ઠરશે. તેની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તથા ટેન્ડર ક્લોઝ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૧૨) | જે ઈજારદારશ્રીઓનાં ભાવો અતિ નીચા ભરેલા જણાશે. તો તેઓશ્રીએ કચેરી ખાતે ભાવ પૃથ્થકરણ રજું કરવાનાં રહેશે. અને જો ભાવોમાં વ્યાજબીપણું જણાશે નહીં તો તે ટેન્ડર સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી રદ કરવામાં આવશે. |
| (૧૩) | કામગીરી દરમિયાન કામ કરતા ઈજારદાર શ્રી દ્વારા પોતેજ કામ કરતા હોવાના જરૂર મુજબનાં અને વિભાગ દ્વારા માગવામાં આવેતો તેવા પુરાવા અને દસ્તાવેજો સાદર કરવાના રહેશે. |
| (૧૪) | સદર ટેન્ડરની કામગીરી દરમિયાન તથા ડી.એલ.પી સમય દરમિયાન કામગીરી કરતી વખતે રોડ સેફ્ટી, કામ કરતા માણસો-રોજમદારો તથા અન્ય ઈસમો,રસ્તાઉપરથી પસાર થતા વાહનો-વાહન ચાલકો, પદયાત્રીઓ, યંત્રો-ઓજારો તેમજ પ્લાન્ટની સેફ્ટી અંગેની જવાબદારી સંપૂર્ણપણે લગત ઈજારદારશ્રીના ખર્ચે અને જોખમે તેઓના શિરે રહેશે. સેફ્ટી/ સલામતી બાબતે કોઈપણ સંજોગોમાં વિભાગ કે વિભાગનો કર્મચારી જવાબદાર રહેશે નહી. |
| (૧૫) | રસ્તાના કામમાં સામેલ રોડ ફર્નીચરની આઈટમો માં રેટ્રો રીફ્લેકટીવ સાઈન બોર્ડની કામગીરી આઈ.આર.સી.૬૭ ૨૦૧૨ ની જોગવાઈ મુજબ કરવાની રહેશે તેમજ કામગીરી પૂર્ણ થયા બાદ આવા સાઈન બોર્ડ માં રેટ્રો રીફ્લેકટીવરર શિટીંગ અંગેના જરુરી ક્લાસ અને મેન્યુફેક્ચર અંગેના પ્રમાણપત્રો, ટેસ્ટીંગ રીઝલ્ટ, ગેરેન્ટી વોરંટી પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તમામ પ્રમાણપત્રો અને એન.એ.બી.એલ. એપ્રુવ્ડ લેબોરેટરી / ગેરી/ સરકારી ઈજનેરી કોલેજ/ સરકારી માન્યતા પ્રાપ્ત ખાનગી ઈજનેરી કોલેજ ખાતે ટેસ્ટીંગ કરાવવાની સઘળી જવાબદારી લગત ઈજારદારશ્રીની રહેશે તથા તેઓના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. |
| (૧૬) | રસ્તાના કામમાં સામેલ રોડ માર્કિંગ ની કામગીરી દરમિયાન તથા કામગીરી પૂર્ણ થયા બાદ મેન્યુફેક્ચર અંગેના પ્રમાણપત્રો, ટેસ્ટીંગ રીઝલ્ટ, |

| | |
|---|---|
| | ગેરેન્ટી વોરંટી પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તમામ પ્રમાણપત્રો અને એન.એ.બી.એલ. એપ્રુવ્ડ લેબોરેટરી / ગેરી/ સરકારી ઈજનેરી કોલેજ/ સરકારી માન્યતા પ્રાપ્ત ખાનગી ઈજનેરી કોલેજ ખાતે ટેસ્ટીંગ કરાવવાની સઘળી જવાબદારી લગત ઈજારદારશ્રીની રહેશે તથા તેઓના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. રોડ માર્કિંગ નાં કિસ્સામાં સ્થળ સ્થિતિ અને જરુરી રોડ સેફ્ટી અંગે જરૂર જણાય ત્યારે વધારાની કામગીરી લગત ઈન્જીનીય ઈન-ચાર્જ ની સુચના અનુસાર કરી આપવાની રહેશે. |
| (૧૭) | રસ્તાના કામ પૂર્ણ થયા બાદ ટેન્ડરમાં જોગવાઈ કરવામાં આવેલ ડી.એલ.પી. સમયગાળા માં ઈજારદાર શ્રી દ્વારા રસ્તાની સપાટી તમેજ અન્ય તમામ બાબતોની મરામત અને જાળવણી પોતાના ખર્ચે અને જોખમે તમામ ઋતુમાં કરવાની રહેશે. |
| (૧૮) | રસ્તા અને સ્ટ્રક્ચરની કામગીરી દરમિયાન કામની ગુણવતા તથા અન્ય બાબતોની ચકાસણી કરવા અર્થે સરકારશ્રી દ્વારા અન્ય એજન્સી કે ગુણવતા નિયમન વિભાગ દ્વારા કોઈપણ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ, સાઈટ ઉપરથી કરવામાં આવતા જરુરી સેમ્પલ કલેક્શન, કોર કટિંગ (સી.સી.રોડ / સ્ટ્રક્ચર), નોન ડીસટ્રકટીવ ટેસ્ટ તેમન અન્ય ટેસ્ટીંગ અંગે આદેશ કરવામાં આવે અને સ્થળ નિરિક્ષણ કરવામાં આવે તે દરમિયાન લગત ઈજારદારશ્રી દ્વારા સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે તેમજ સદર ચકાસણી દરમિયાન કોઈપણ પ્રકારનાં સાઈટ ઈન્વેસ્ટીગેશન દરમિયાન તમામ સુવિધા અને મશીનરી પતાના ખર્ચે અને જોખમે ઉપલબ્ધ કરાવાની રહેશે. આવા પ્રકારની સાઈટ વિઝીટ અને તાંત્રિક ચકાસણી દરમિયાન જરુરી રોડ સેફ્ટી અંગેની વ્યવસ્થા લગત ઈજારદારશ્રી દ્વારા પોતાના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. તમામ ટેસ્ટીંગ અને અન્ય બાબતોનો ખર્ચ લગત ઈજારદારશ્રી દ્વારા કરવાનો રહેશે તથા તે અંગેનું કોઈપણ પ્રકારનું વધારાનું ચુકવણું કરવામાં આવશે નહી. |
| (૧૯) | રસ્તા અને સ્ટ્રક્ચરની કામગીરીની ગુણવતા તથા તાંત્રિક ચકાસણી અર્થે સરકારશ્રી નાં વખતો વખત નાં હુકમો તથા સરકાર શ્રી દ્વારા એમ્પેન્લ કરવામાં આવેલ કન્સલટન્ટ દ્વારા ચકાસણી કરવા અર્થે તમામ ખર્ચ અને જરુરી વ્યવસ્થા લગત ઈજારદારશ્રી દ્વારા પતાના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. |
| (૨૦) | બિડર્સ / ઈજારદાર શ્રી દ્વારા ટેન્ડર ભરતા પહેલા લગત પેટા વિભાગીય કચેરીનાં ફિલ્ડ સ્ટાફ સાથે સમ્પર્ક માં રહી સાઈટ વિઝીટ કરી તેમજ કામને લગત સ્થળ સ્થિતિ અને અન્ય બાબતોની તમામ માહિતી મેળવી લેવાની રહેશે. કામગીરી દરમિયાન સ્થળ સ્થિતિ અને અન્ય બાબતોની તમામ જવાબદારી લગત ઈજારદારશ્રી ની રહેશે. |
| (૨૨) | કમનાં રનીંગ બીલ તમેજ ફાયનલ બીલ સમયે ના.કા.ઈ.શ્રી તથા કા.ઈ.શ્રી.ની સુચના અનુસાર જરુરી તમામ દસ્તાવેજો, રજીસ્ટરો, ફિલ્ડ બુક, માપપોથી, ટેસ્ટ રિઝલ્ટ્સ, રીપોર્ટ વગેરે તમાંમ દસ્તાવેજો થયેથી જ ચુકવણું કરવામાં આવશે. |
| (૨૩) | રસ્તા અને સ્ટ્રક્ચરની કામગીરી દરમિયાન રસ્તાના ઉપયોગ કર્તા ટ્રાફિક તેમજ નાગરિકોની સલામતી અને સુરક્ષા તેમજ સુચારુ-સલામત પરિવહન અર્થે જરુરી વર્ક ઝોન ટ્રાફિક મેનેજમેન્ટ અને ડાયવર્ઝન આઈ.આર.સી. (એસ.પી.) : ૫૫ ૨૦૧૪ તેમજ આઈ.આર.સી.૬૭ ની જોગવાઈ મુજબ લગત ઈજારદારશ્રી દ્વારા પોતાના ખર્ચે અને જોખમે કરવાનું રહેશે. તથા તે અંગેનું વધારાનું ચુકવણું કરવામાં આવશે નહી. આઈ.આર.સી. કોડ મુજબ દર્શાવેલ જરુરી ડાયવર્ઝન અંગેના સાઈન બોર્ડ, રોડ માર્કિંગ, બેરીકેટ, બ્લીન્કર લાઈટ, ક્રેશ બેરીયર વગેરે વ્યવસ્થા પૂર્ણ થયા બાદ લગત ફિલ્ડનાં ઈજનેરશ્રી દ્વારા ચકાસણી કર્યા બાદ જ ટ્રાફિકને ડાયવર્ઝન ઉપર પસાર કરવાનો રહેશે. સરકારશ્રી તેમજ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કોઈપણ જાહેર કાર્યક્રમ અન્વયે ચાલુ કામગીરી દ્વારા વધારાની સેફ્ટી અંગેની કામગીરી કરવાની સૂચના આપવામાં આવે તોવા કીસામાં પણ લગત ઈજારદાર શ્રી દ્વારા સત્વરે / તાત્કાલિક કામગીરી પોતાના ખર્ચે અને જોખમે કરી આપવાની રહેશે. વર્ક ઝોન ટ્રાફિક મેનેજમેન્ટ અને ડાયવર્ઝન ઉપર પસાર થતા ટ્રાફિકની સેફ્ટી અંગેની સઘળી જવાબદારી લગત ઈજારદાર શ્રીનાં શિરે રહેશે તથા તે અંગે લગત પેટા વિભાગ કે વિભાગ નો કોઈપણ સ્ટાફ જવાદબાર ગણાશે નહી. |
| (૨૪) | રસ્તા અને સ્ટ્રક્ચરની કામગીરી દરમિયાન લગત ઈજારદાર શ્રી દ્વારા ગુણવતા અને વર્કમેન શીપ જાળવવા તેઓના કુશળ અને ક્વોલીફાઈડ ઈજનેરોને(પ્લાન્ટ અને સાઈટ ) સુપર વિઝન અર્થે રાખવાના રહેશે તમેજ તેઓની વિગત અને તમામ ડીગ્રીઅને અનુભવો નાં પ્રામાણપત્રો સાથે કામગીરી ચાલુ કર્યા પહેલા લગત પેટા વિભાગ તમેજ વિભાગીય કચેરીને સાદર કરવાની રહેશે. કામની પ્રગતિ દરમિયાન જો કોઈ ઈજનેર અને ફિલ્ડ સ્ટાફ બદલાય તો તે અંગેની જાણ તથા જરુરી વિગત ઈજારદારશ્રી એ તાત્કાલિક પુનઃ સાદર કરવાની રહેશે. |
| (૨૫) | રસ્તા અને સ્ટ્રક્ચરની કામગીરી દરમિયાન લગત ઈજારદાર શ્રી દ્વારા ડામર સરકારશ્રી હસ્તકની રિફાયનરી માંથી ખરીદી કરીને વાપરવાનો રહેશે તથા તે અંગેના દસ્તાવેજો અસલ માં પુરા પાડવામાં રહેશે. |
| (૨૬) | રસ્તા અને સ્ટ્રક્ચરની કામગીરી દરમિયાન લગત ઈજારદાર શ્રી દ્વારા સ્ટીલ (એફ.ઈ.૫૫૦ડી) અને સિમેન્ટ (ઓ.પી.સી.-૫૩ ગ્રેડ) નો ઉપયોગ કરવાનો રહેશે. તથા તે અંગેના ઈજારદારશ્રીનાં નામો નાં જ જી.એસ.ટી. સાથેના બીલો અસલમાં રજુ કરવાના રહેશે. |
| (૨૭) | ખાસ શરતો સાથેનુંનું આ કબુલાત નામું ટેન્ડર ભરનાર દરેક ઈજારદારશ્રી દ્વારા રૂ. ૩૦૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી નોટરી સાથેનુંદરેક પાના ઉપર સહી સિક્કા કરીને સ્કેન કોપી ઓનલાઈનઅપલોડ કરવાનુ રહેશે તથા અસલમાં ટેન્ડર દસ્તાવેજો સાથે સામેલ કરવાનું રહેશે. |

| | |
|---|---|
| (૨૮) | પ્રસ્તુત ટેન્ડર વાળા કામ બાબતે ટેન્ડર ભરવાની પ્રક્રિયા દરમિયાન તથા કરારખત થયા બાદ પ્રગતિવાળા કામ અને કામગીરી પુર્ણ થયાં બાદ ડી.એલ.પી સમય પૂર્ણ થાય ત્યાં સુધી ઈજારદારશ્રી અથવા તેઓના કોઈપણ પ્રતિનિધિ દ્વારા કામને લગત કોઈપણ પ્રકારના ખોટા દસ્તાવેજો, દસ્તાવેજી પુરાવા, ખોટી સહીઓ તથા ખોટા કાગળો, ડુપ્લીકેટ બીલો, ખોટી સહીઓ વાળા કે ખોટા ટેસ્ટ રીઝલ્ટ, ખોટા માપો, રજીસ્ટરો, નકલી બેંક ગેરેંટી/ફિક્સ ડીપોઝીટ જેવાં તમામ ખોટા પ્રમાણપત્રો વગેરે આપેલ હોવાનું ધ્યાનમાં આવશે તેમજ કામગીરી દરમિયાન દસ્તાવેજો અને કામના રેકર્ડકરેલ બીલો, માપપોથી,સરકારી ફાઈલો, રેકર્ડસ તથા કચેરી હસ્તકના રેકર્ડસ સાથે કોઈપણ જાતના ચેડા કે વિભાગ કે પેટા વિભાગનાં કોઈપણ સંવર્ગનાં કર્મચારી/ અધિકારીશ્રીની ખોટી –બનાવટી ભળતી સહી – સિક્કા વાળા દસ્તાવેજો તદઉપરાંત ઈજારદારશ્રી અથવા તેઓના કોઈપણ પ્રતિનિધિ દ્વારા સીધી કે આડકતરી રીતે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈપણ પ્રકારના છેતરપીંડી કર્યા અંગેના પ્રયત્નો ધ્યાને આવશે તો તે અંગેની સઘળી જવાબદારી લગત ઈજારદારશ્રીની રહેશે તથા તે અંગેની કાયદેસરની કાર્યવાહી દરમિયાન તમામ જવાબદારી લગત ઈજારદારશ્રીના શિરે રહેશે. ઉપર જણાવેલ આવી કોઈપણ બાબત માટે લગત પેટા વિભાગ કચેરી કે વિભાગીય કચેરીનોકોઈપણ સંવર્ગનો કર્મચારી/ અધિકારી કે અન્ય સ્ટાફ કોઈપણ સંજોગોમાં જવાબદાર ગણાશે નહિ. |

**કાર્યપાલક ઈજનેર**
**માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ**
નડીયાદ

**<u>કબુલાતનામું</u>**

ઉપરની શરતો મે/ અમે વાંચી છે અને બરાબર સમજ્યા છીએ, જે મને અમોને બંધનકર્તા છે. ટેન્ડર પ્રક્રિયા દરમિયાન તથા ભવિષ્યમાં અમારા દ્વારા ઉપરજણાવેલ શરતો અને બોલીઓ અંગે કોઈ વિવાદ, રજૂઆત કે તકરાર કરવામાં આવશે નહિ અને કોઈપણ જાતનું વળતર માગવામાં નહિ આવે જેની અમો નીચે સહિ કરનાર લેખિત બાહેધરી આપીએ છીએ.

**<u>ઈજારદારની સહી:</u>**

**<u>તારીખ:-</u>**
**<u>સ્થળ :-</u>**
**<u>ઈજારદારનું નામ / કંપની નું નામ :-</u>**

**કંપનીનો રાઉન્ડ સીલ / સિક્કો મારવો.**